ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૦ ટકા

# નવરાત્રિ વેકેશન અંગે મિશ્ર પ્રતિભાવ

**સમગ્ર રાજયમાં નવરાત્રીની ઉજવણી ખુબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે ત્યારે નાના ભૂલકાઓથી માંડી મોટેરા દરેક આ તહેવાર માટે ઉત્સાહિત હોય છે ત્યારે સરકાર દ્વારા આ નવ દિવસોમાં શાળા કોલેજોમાં વેકેશન જાહેર કરાયું છે ત્યારે શહેરના શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓના મત મુજબ રજાઓ આપવી જોઈએ કે નહીં તે અંગે તેમના પ્રતિભાવો જાણીએ.**

**● જાનવી પટેલ**



દિવાળી વેકેશન નાનું હોય તો ચાલે પણ નવરાત્રીમાં જરુરી છે કારણકે બાળકોને પરીક્ષા હોય એટલે માતાઓ પણ ગરબા રમી નથી શકતી. પરંતુ વેકેશન હોય એટલે માતાઓને પણ ટેન્શન ન રહે અને પછીના દિવસોમાં આવતી પરીક્ષા માટે વેકેશનના દિવસોમાં બપોરે વાંચી શકાય અને રાત્રે રમવા જઈ શકાય. જેને નવરાત્રી ગમે છે તે ગરબા રમવા જશે જ અને પરીક્ષાની તૈયારી પણ કરી જ લશે.

**● કૌશલ પરમાર**



સરકાર દ્વારા અપાતા વેકેશનથી અમે દરેક નોરતા આનંદ અને ઉત્સાહપૂર્વક માણી શકીએ છીએ અને મોડી રાત સુધી રમી શકીએ છીએ. નવરાત્રિ દરમિયાન પહેલા કોલેજ જવાનું હતું એટલે વહેલા ઉઠવાની ચિંતા રહેતી પરંતુ હવે મોડી રાત સુધી ગરબા રમવાનો લાભ લઈ શકીએ અને આરામ પણ કરી શકીએ છીએ કોલેજ જવાની કે વહેલા ઉઠવાની ચિંતા રહેતી નથી અને બીજા દિવસે નવરાત્રીની મજા માણી શકીએ છીએ.

**● કશીશ પટેલ**



હું નાનો હતો ત્યારથી ગરબા રમુ છું. શાળામાં રજા ન હતા આપતા ત્યારે ભરપુર ગરબા રમી શકાતા ન હતા પણ હવે રમી શકાય છે. આ વેકેશન આપ્યું તે મને તો ગમ્યું છે. ગરબાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેકટીસની જરુર પડે જે હવે અમે રજાના દિવસમાં સવારે કરી લઈએ છીએ અને આરામ પણ કરી લઈએ છીએ. પહેલા ગરબા રમી ઉજાગરા થતા સાથે સ્કુલે જવું પડતું હવે નવે નવ દિવસ ગરબા ફ્રી થઈ રમી શકાય છે. ગુજરાતનો પોતાનો તહેવાર છે રજા તો આપવી જ જોઈએ.

**● યુવરાજસિંહ ઝાલા**




મને નવરાત્રીનો તહેવાર ખુબ જ ગમે છે. નવરાત્રીના નવે દિવસ હું નવા વેશ સાથે ગરબા રમુ છું. ગરબા ગુજરાતીઓની શાન છે. નવરાત્રીમાં શાળામાં રજા મળે છે એટલે આરામ પણ થઈ જાય છે અને બીજા દિવસે ગરબા પણ ખુબ સારી રીતે રમી શકાય છે.



**● નિકુંજ પ્રજાપતિ**

જે ખેલૈયા તૈયારી કરતા હોય જેમને સ્પર્ધામાં નંબર લાવવો હોય તે મહેનત કરે અને છેલ્લે શાળા ચાલુ હોય એટલે માતા પિતા બાળકોને ઘરે લઈ જાય એટલે ગરબામાં કરેલી મહેનત કામ જ ન લાગે. પરંતુ રજા મળે તો છેક સુધી ગરબા રમી શકાય. દિવાળી વેકેશન ઓછું થયું તેનાથી શાળાના શિક્ષકોને તકલીફ પડી શકે પરંતુ અમને તો પાંચ મુખ્ય દિવસમાં રજા મળે તો પણ ચાલશે.

**● ગિતેશ પટેલ - આચાર્ય, આર.જી. ગર્લ્સ હાઈસ્કૂલ**



મારા મતે નવરાત્રિ વેકેશન આપવું એ વ્યાજબી નથી. અત્યાર સુધી એવું થતું કે, બાળકોની પરીક્ષા બીજી કે ત્રીજી નવરાત્રીએ પૂરી થઈ જતી અને નવરાત્રીના પછીના દિવસોમાં બાળકો એન્જોય કરી શકતા અને શાળામાં પણ નવરાત્રિ ઉજવતા હવે વેકેશન અપાતા શાળામાં રજાઓ જ રહે છે. વેકેશન અપાતા પરીક્ષાઓ નવરાત્રી પછી તરત જ લેવાય છે જેના લીધે વાલીઓ બાળકોને નવરાત્રીના છેલ્લા બે ત્રણ દિવસોમાં ગરબા રમવા જવા નથી દેતા જયારે ખરેખર નવરાત્રીનો રંગ જામ્યો હોય. એટલે ન તો નવરાત્રીનો આનંદ જળવાય અને ન તો પરીક્ષામાં ધ્યાન રહે. આ કરતા પહેલા જયારે વેકેશન અપાતું નહતું ત્યારે નવરાત્રીના પ્રથમ બે દિવસ જ બાળકોને પરીક્ષામાં આપવા પડતા હતા બાકીના દિવસોમાં આનંદ રહેતો હતો.

**● નીવાબેન પટેલ - આચાર્ય, જે.બી. પ્રાથમિક શાળા**




નવરાત્રી પછી પરીક્ષા લઈએ તો પરીક્ષા પર માઠી અસર થાય છે. જો વેકેશન પહેલા પરીક્ષા લઈએ તો બાળકો સારું પરીણામ લાવે છે. વેકેશન પછી પરીક્ષા ગયા વર્ષે લીધી તેમાં બાળકોના પરિણામ પર અસર થઈ હતી. વાલીઓ પણ અમને નવરાત્રી વેકેશન ન આપવા માટે વિનંતી કરે છે અને એમાંય અમારી પ્રાથમિક શાળા તો બપોરની છે એટલે બાળકોને ઉજાગરો પણ નડતો નથી.

**● સ્મિતા નાયર - આચાર્ય, વેદમાતા ગાયત્રી સ્કૂલ**



મારા મતે રાજય સરકાર દ્વારા નવરાત્રી વેકેશન વિશે લેવામાં આવેલો નિર્ણય યોગ્ય નથી. આમ પણ આઠમ, નોમ અને દશેરામાં તો શાળામાં રજા જેવો જ માહોલ હોય છે. બાકીના દવસોમાં રજા આપીને શાળાના શિક્ષકો, બાળકો અને એજયુકેશન સિસ્ટમને ડિસ્ટર્બ થઈ રહ્યું છે. નવરાત્રીના વેકેશનને લીધે દિવાળીમાં એકવીસ દિવસનું વેકેશન મળતું નથી જે હવે પંદર દિવસનું થઈ ગયું છે. નવરાત્રીમાં વેકેશન મળે એના કરતા દિવાળીમાં ૨૧ દિવસનું વેકેશન મળે તે મારા મતે યોગ્ય છે.

**● રૂદ્રિકા પટેલ**



સામાન્ય રીતે યુવાનો માટે નવરાત્રિ તેમનો મનપસંદ તહેવાર છે અને એમાંય જો રજા મળે તો સારું જ છે. રાત્રે છેક સુધી ગરબા તો રમી શકાય શાળાએ જવાનું હોય તો વહેલી ઉઠવાની બીકે વહેલા ઘરે પાછા આવવું પડે ને જો ગરબા વધુ સમય સુધી રમીએ તો ઉઠવામાં ય તકલીફ પડે. દિવાળી વેકેશન નાનું થઈ જાય તો ખાલી દિવાળી ટ્રીપ ના થાય પણ નવરાત્રીમાં નવ દિવસ રજાઓમાં એન્જોય તો થાય છે. મેઈન ૫ દિવસ દિવાળીમાં વેકેશન મળે ને તોય ઘણું છે.



**● કૃપા બારોટ**

સરકારનો નવરાત્રી વેકેશન અંગેનો નિર્ણય મારા મતે સારો છે. નવરાત્રી લગભગ દરેકનો પસંદગીનો તહેવાર છે. રજા ન પણ અપાય તો પણ ગરબાના શોખીન શાળા કોલેજમાં રજા પાડી જ લેતા હોય છે. દિવાળીમાં ન જોઈતું લાંબુ વેકેશન આપે એના કરતા નવરાત્રીમાં અપાય તો વધુ સારું.

**● તરાના પરમાર**



સરકારનો નિર્ણય સો ટકા યોગ્ય છે. અમારા વિદ્યાર્થીઓ માટે તો સારું જ છે. ગરબા રમીને કોલેજ જવું પડે તો થાકી જવાય છે અને દિવાળી તો આમ પણ પાંચ છ દિવસ જ હોય. નવરાત્રીનું વેકેશન વધુ જરુરી છે.

**● જાનવી ગોહિલ**

નવરાત્રી વેકેશન અપાય એટલે એન્જોય કરવા મળે છે અને થાક પણ ઉતરી જાય છે. ચણીયા ચોળીનું મેનેજમેન્ટ પણ સમયસર થઈ જાય છે. ભણવાનું ટેન્શન ન હોય એટલે આનંદથી ગરબા રમી શકાય છે. દિવાળીના વધુ પડતા દિવસોના વેકેશનમાં ઘરે બેસી રહેવું તેના કરતા નવરાત્રીમાં વેકેશનને ગરબા રમી માણવું તે વધુ યોગ્ય છે.

**● રૂચિતા પ્રજાપતિ**



નવરાત્રિ વેકેશન તો જોઈએ જ ખેલૈયાઓ કલાસ કરી રમવા માટે મહેનત કરી હોય તો રમી તો શકે. નવ દિવસ ઉપવાસમાં પણ આરામ મળી રહે અને દિવાળી વેકેશન વધુ દિવસ હોય તેવી કોઈ જરુર નથી. તેર દિવસનું વેકેશન બરાબર છે. નવરાત્રીમાં ગરબા રમી થાકયા હોઈએ એટલે નવરાત્રી વેકેશન થાક ઉતારવા માટે તો જરુરી જ છે.



**● દેવેન્દ્રસિંહ ભાટી**

નવરાત્રીનું વેકેશન દર વર્ષે આવે તે જ સારું. નવરાત્રીનો પૂરેપૂરો આનંદ માણી શકાય અને પાછળથી પરીક્ષાની તૈયારી પણ થઈ શકે. પ્રાચીન ગરબા ને રમીને શાન વધારી શકીએ અને મુકત મને ગરબા રમી શકાય.

**● કેયા રાવલ**



નવરાત્રી વેકેશન તો હોવું જ જોઈએ જેથી વિદ્યાર્થીઓ આરામથી નવરાત્રી ઉજવી શકે. માતા પિતાને પણ શાળા કે કોલેજનું ટેન્શન ન રહે પરીક્ષા પણ ન બગડે અને પરીક્ષાનું વાંચન પણ સારી રીતે થઈ શકે.

**● દ્દષ્ટિ પ્રજાપતિ**



નવરાત્રિ વેકેશન વિદ્યાર્થીઓ માટે તો સારું જ છે કારણ કે પરીક્ષા નવરાત્રી દરમિયાન જ આવતી જેથી ઉત્સાહ નહોતો રહેતો. નવરાત્રીમાં નવ દિવસ મજા કરવા મળે તો બહુ. બાકી દિવાળીમાં તો મુખ્ય પાંચ જ દિવસની રજા ચાલી જાય.

**● હની ચિતરીયા**



મારું માનવું છે કે ગુજરાતમાં દિવાળી કરતા નવરાત્રીનું વધુ મહત્વ છે એટલે નવરાત્રી વેકેશન આપી જ શકાય. આમ પણ ગરબો રમતા બાળકો શાળાએ જતા પણ નથી. માતા-પિતા પણ બાળકોના ટેન્શન વગર ફ્રીલી ગરબા એન્જોય કરી શકે.

## ૫ કરોડ આપવાનું કહીને એક તબીબે ગાંધીનગરનાં વેપારીનું ૨૫ લાખનું ફુલેકુ ફેરવી નાંખ્યું

### વેપારીએ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના વેપારી પાસેથી અમદાવાદનાં એક તબીબે સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં ભાગીદારી માટે રોકેલા પૈસાના બદલામાં પાંચ કરોડ આપવાનુ કહીને વાત ૨૫ લાખની છેતરપિંડી કરી હોવાની વિગતો બહાર આવી છે. હોસ્પિટલમાં ભાગીદારી માટે રોકેલા પૈસા મુદ્દે વેપારીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. પૈસા પાછા આપવા માટે ડૉક્ટરે તેમને વિશ્વાસમાં લઈને ૨૫ લાખની છેતરપીંડી કરી હોવાના આક્ષેપ સાથે વેપારીએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ કરી છે.

ગાંધીનગર શહેરનાં સેકટર-૨ માં રહેતાં વિપુલ કુમુદચંદ્ર ત્રિવેદી સે-૨૫ જીઆઈડીસી ખાતે ઈલેક્ટ્રોન ઈ સર્વીસીસ નામની કંપની ચલાવે છે. સેક્ટર-૨૧ પોલીસ મથકમાં તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષોથી હાર્ડવેર-સોફ્ટવેરનું કામ કરતાં વિપુલભાઈની ઓળખ સાબરમતીમાં શીવમ કીડની હોસ્પિટલ ધરાવતા ડૉ. રાજેશ રઘુબીર ચૌધરી સાથે થઈ હતી. વર્ષ-૨૦૦૯ માં ડૉ. રાજેશ ગાંધીનગર ખાતે હોસ્પિટલ બનાવવા માટે જગ્યા શોધતા હતા. જેથી વિપુલભાઈએ તેમને ઈન્ફોસિટી સુપર મોલ-૨ ખાતે ત્રણ માળનું કોમ્પ્લેક્ષ હોસ્પિટલ બનાવવા માટે બતાવ્યું હતું. જેના પર ડૉક્ટરે ૧૨૦ બેડની સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જે માટે બેંકમાંથી ૮ કરોડની લોન પાસ થવાની વાત ડૉક્ટરે કરી હતી. લોન મંજૂર ન થતા ડૉ. રાજેશે વિપુલભાઈને પચાસ ટકાના પાર્ટનર બનાવવાની વાત કરતાં તેમને પૈસા રોક્યા હતા. જેને ડૉ. રાજેશે તેમને યક્ષીતા પ્રિમિયર પ્રા. લી નામની કંપનીના ડાયરેક્ટર તરીકેનો લેટર આપ્યો હતો. જોકે, સત્તાવાર રીતે નામ દાખલ કરવાની કામગીરી પ્રોજેક્ટ પુરો થયા બાદ કરવાનું કહ્યું હતું. વિપુલભાઈના આક્ષેપ મુજબ ૨૦૧૧માં પ્રોજેક્ટ પુરો થતાં ડૉ. રાજેશે તેમને ડાયરેક્ટર ન બનાવતા નફા સાથે પૈસા આપવાની વાત કરી બે ચેક આપ્યા હતા. જે રિટર્ન થતા વિપુલભાઈએ વર્ષ ૨૦૧૨માં કોર્ટમાં કેસ કર્યો હતો. વર્ષ ૨૦૧૫માં ડૉ. રાજેશે બે વર્ષમાં પૈસા ચુકવી દેવાની ખાતરી આપી વિપુલભાઈ પાસે નોટરાઈઝ સમજૂતી કરાર કર્યો હતો અને ૩૦ લાખનો એક એવા ૧૦ ચેક આપ્યા હતા. વિશ્વાસ અપાવવા માટે ડૉક્ટરે ટુકડે-ટુકડે ૧૩ લાખ રૂપિયા આપ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૧૭માં ડૉ. રાજેશ, પત્ની સ્નેહપ્રભા ચૌધરી અને પિતા રઘુબીરપ્રસાદ ચૌધરી વિપુલભાઈને ગાંધીનગર મળ્યા હતા. તેઓ પાંચ કરોડની લોન મંજૂર થવાની તૈયારીમાં હોવાની વાત કરી તમામ પૈસા વિપુલભાઈને આપવાનું કહ્યું હતું. જોકે, બેંકમાં માર્જીનના ૨૫ લાખ રૂપિયાની માંગ્યા હતા. જેને પગલે વિપુલભાઈએ તેમના પર વિશ્વાસ રાખી પૈસા આપી દીધા હતા. સમય વિતવા છતાં પૈસા ન મળતા વિપુલભાઈએ તપાસ કરતાં બેંકમાં લોનની કોઈ પ્રોસેસ જ ન કરી હોવાનું જાણવા મળ્યું હતું. વિપુલભાઈના આક્ષેપ પ્રમાણે તેમને તપાસ કરતાં ઈન્ફોસિટી યક્ષીતા હોસ્પિટલ અને સાબરમતીમાં ચાલતું શિવમ કીડની હોસ્પિટલ બંને બંધ છે. મોટેરા કીષ્ના બંગ્લોઝનું મકાન વેચી મારેલું હોવાનું જાણવા મળ્યું છે. જેને પગલે વિપુલભાઈએ અંતે આ અંગે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ડૉ. રાજેશ, તેમની પત્ની અને પિતા ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. સમગ્ર કેસની તપાસ સે-૨૧ પોલીસ મથકનાં પીઆઈ ટી. એલ. વાઘેલાએ શરૂ કરી છે.

## વિદ્યુતનગરનાં ૧૨૦ કરોડનાં કૌભાંડમાં વધુ ચાર ગુનાહિત કલમો ઉમેરાઈ

ગાંધીનગર, તા.૨૯

વાવોલ-પુન્દ્રાસણ રોડ પર વર્ષો પહેલા મુકાયેલી વિદ્યુતનગર સ્કિમનાં ૧૨૦ કરોડના કૌભાંડમાં આરોપીઓ સામે ખોટા દસ્તાવેજો અંગેની વધુ ચાર કલમો ઉમેરાઈ છે.

સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પોલીસે તપાસ દરમિયાન આરોપી અશોક પટેલ અને પ્રવિણ પાનસરીયાના ઘર-ઓફસ સહિતના સ્થળે દરોડા પાડ્યા હતા અને બેંક ખાતાની તપાસ કરી હતી. પુન્દ્રાસણ અને અડાલજ ખાતે આવેલી ઓફિસ તથા રહેણાંકની તપાસ દરિમયાન કેટલાક દસ્તાવેજ મળી આવ્યા હતા. જેમાં બનાવટી લેટરપેડ અને વાઉચર પર બનાવટી સહીના નક્કર પુરાવા મળ્યા હતા. વ્યક્તિની જાણ બહાર તેના નામની સહી થઈ ગઈ હોય તેવા કિસ્સા ધ્યાને આવ્યાં છે. જેના પગલે પેથાપુર પોલીસે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ની કલમ ઉમેરી છે. ૧૯મી મેના રોજ પેથાપુર પોલીસ સ્ટેશનમાં કલમ ૪૦૬,૪૨૦ અને ૧૧૪ અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેમાં હવે ખોટા દસ્તાવેજો અંગેની કલમ ઉમેરાતા આ કેસમાં આરોપીઓને આજીવન કેદ સુધીની સજા થઈ શકે તેમ છે. અગાઉ પકડાયેલા અશોક પટેલ અને પ્રવિણ પાનસરીયાના રીમાન્ડ પૂરા થતા પોલીસે તેમના વધુ છ દિવસના રીમાન્ડ માગ્યા હતા. જોકે કોર્ટે અશોકના બે દિવસના રીમાન્ડ મંજૂર કર્યા હતા. હાલ બંને આરોપીઓ જયુડિશિયલ કસ્ટડી હેઠળ સેન્ટ્રલ જેલમાં છે. આરોપીઓએ ઠગાઈના નાણામાંથી વસાવેલી મિલકતો તથા તેમની અન્ય બેનામી સંપત્તિઓની ભાળ મેળવવા માટે પણ પોલીસે પ્રયાસ હાથ ધર્યા છે.

## કૈલાસ માનસરોવર જતા યાત્રીઓનો શુભેચ્છા સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા તા. ૨ જૂનના રોજ સાંજે ૪ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧ ખાતે કૈલાસ યાત્રાએ જતા યાત્રીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં યાત્રીઓનું મેડિકલ ચેકઅપ પણ વિના મુલ્યે થાય છે જેથી યાત્રીઓને દિલ્હીના મેડિકલ ચેકઅપમાં તકલીફ ના પડે તો દરેક યાત્રીઓ તેમના નામ અને ફોન નંબર કૈલાસ માનસરોવર સેવા સમિતી ગાંધીનગર મો. નં. ૯૪૨૭૪૧૯૦૧૨ પર નોંધાવવા અને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ કૃષ્ણકુમાર રાણા દ્વારા જણાવાયું છે.

## જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં લોકપયોગી કાર્યોની ચર્ચા

ગાંધીનગર, તા.૨૯

ધારાસભ્ય, સંસદસભ્ય, આયોજન મંડળની ગ્રાન્ટો સંપૂર્ણ વપરાતી નથી અને બાંકડા મૂકવા જેવા નિરર્થક કાર્યોમાં નાણાંનો વ્યય થાય છે. જે અંગે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરની બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના વિસ્તારમાં વિકાસની યોજનાઓની લોકોને માહિતી કેવી રીતે ઉપયોગી બની શકે તે વિચારણા કરી હતી.

શહેરમાં દરરોજ ૫૦ કીલો પ્લાસ્ટીક વપરાતું હોય તો મનપા ઈચ્છા થાય ત્યારે તપાસ કરવા ટીમ મોકલે છે. પ્રદુષણ મુકત સ્માર્ટ સીટી બનાવવા માટે દરરોજ તપાસ થાય તો પ્લાસ્ટિકની થેલીઓના ઉપયોગની કુટેવ છુટે.

આરોગ્ય ખાતાની ટીમોએ ગાંધીનગરમાં બાંધકામના કામો ચાલે છે ત્યાં આરોગ્ય વિષયક, કુટુંબનિયોજનની સમજણ આપવી જોઈએ. પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે બેઠક મળી હતી. સર્વશ્રી એચ.બી. વરિયા, વાગ્મિન બુચ, ભાનુપ્રસાદ પુરાણી, એસ.ડી.આર. મલિક, નિરંજભાઈ ઓઝા, જીવણલાલ પરમાર, દશરથભાઈ પરમાર, જીતેન્દ્રભાઈ ત્રિવેદીએ મહત્વના સુચનો કરેલ હતા તેમ મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## શહેરમાંથી વધુ એક વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાનાં માણસા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના કેસમાં બે વર્ષથી નાસતા ફરતાં આરોપીને ગાંધીનગર એસઓજીની ટીમે ઝડપી લીધો છે. હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહની બાતમીના આધારે એસઓજીએ આરોપી કિર્તી દશરથસિંહ ચાવડા (રહે- અંબોડ, આનંદપુરા, માણસા)ને ગાંધીનગર જીપીએસસી ભવનની પાછળના ભાગે ચાની કીટલી પાસેથી દબોચી લીધો હતો. એસઓજીએ આરોપીને અટકાયત કરી માણસા પોલીસને સોંપ્યો છે.

## સફેદ પટ્ટા વગરના સ્પીડબ્રેકર્સને કારણે અકસ્માતનો ભય..!!!

### શહેરના મુખ્ય માર્ગો તથા સેકટરના આંતરિક માર્ગો પર અનેક ઠેકાણે સફેટ પટ્ટા દોર્યા વગરના ''બમ્પ'' જોખમી : ઘણી જગ્યાએ તો આગળ બમ્પ હોવાના ચેતવણીસૂચક બોર્ડ પણ નથી લગાવાયા

ગાંધીનગર, તા. ૨૯

તાજેતરમાં ગાંધીનગરમાં અકસ્માતોની વણઝરા ચાલી છે અનો કેટલાક નાગરિકોએ પોતાના જીવ ખોયા છે. શહેરમાં વાહનચાલકો દ્વારા પુરપાટ ગતિએ વાહન હંકારવાનુ વધતુ ચલણ જોખમી બની રહ્યું છે. જેને નિયંત્રિત કરવા અનેક ઠેકાણે સ્પીડબ્રેકર્સ બનાવવા પડયા છે. જોકે શહેરમાં અનેક સ્થળે સ્પીડબ્રેકર્સના કારણે પણ અકસ્માત સર્જાય તેવી પરિસ્થિતિ સર્જાય તેવી સ્થિતિ સર્જાઈ છે તેનું કારણ એ છે કે અનેક સ્પીડબ્રેકર્સ પર થર્મોપ્લાસ્ટના જે સફેદ રંગના પટ્ટા દોરવા જોઈએ તે દોરવામાં નથી આવ્યાં તેમજ ''આગળ બમ્પ છે'' તેવા ચેતવણી સૂચક બોર્ડ પણ નથી લગાડવામાં આવ્યાં.

જયારે વાહનચાલક પોતાનું વાહન લઈને માર્ગ પરથી પસાર થઈ રહ્યો હોય ત્યારે ચાર રસ્તા અથવા ટ્રાફિકની અવરજવર ધરાવતા ત્રણ રસ્તા તેમજ શૈક્ષણિક સંકુલો હોય તેવી જગ્યાએ બમ્પ બનાવાયા છે જેથી વાહનચાલકોની ગતિ નિયંત્રિત કરી શકાય અને અકસ્માત ખાળી શકાય. આ ઉપરાંત કેટલીક જગ્યાએ જયાં અકસ્માતનું જોખમ જણાતુ હોય તેવા મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરિક માર્ગો પર પણ ''બમ્પ'' બનાવાયાં પરંતુ આમાથી અનેક બમ્પ પર શરતચુકથી થર્મોપ્લાસ્ટના સફેદરંગના પટ્ટા જે વાહનચાલકનો બમ્પ હોવાની પ્રતિતિ કરાવે છે તે દોરવાના રહી જવા પામ્યા છે. અથવા તંત્રની બેદરકારીમાં દોરવામાં આવ્યા નથી. આ પ્રકારના બમ્પ વાહનચાલકોને કટ દેખાતા નથી જેથી વાહન ઉછળે અથવા તો નજીક આવ્યાં પછી બમ્પ હોવાનો અહેસાસ થતા અચાનક બ્રેક લગાડવી પડે છે જેના કારણે ટુવ્હીલર ચાલકો બાઈક સાથે સ્લીપ થઈ જવાના ચાન્સ રહે છે અથવા અચાનક બ્રેક મારવાથી તેમની પાછળ આવતા વાહન સાથે ટક્કર વાગવાનો ભય રહેલો હોય છે. જેથી અકસ્માત સર્જાવાની ભીતિ રહે છે. ખાસ કરીને શહેરના 'ગ' રોડ અને 'ખ' રોડ ઉપરાંત કેટલાક સેકટરના આંતરિક માર્ગો પર આ પરિસ્થિતિ જોવા મળે છે. આ પ્રકારના તમામ બમ્પ પર સત્વરે થર્મોપ્લાસ્ટના સફેદ પટ્ટા સત્વરે દોરવામાં આવે તેવી માંગ વાહનચાલકોમાં ઉઠવા પામી છે.

### વાહન ઉછળે ત્યારે ખબર પડે કે ''બમ્પ'' હતો..!!!

**સફેદ પટ્ટા દોર્યા વગરના બમ્પ ઉપરાંત ''આગળ બમ્પ છે'' તેવા ચેતવણી સૂચક બોર્ડનો અભાવ પણ આ પ્રકારના બમ્પ આસપાસ જોવા મળ્યો છે. રાત્રિના સમયે તો અચાનક આવી જતા બમ્પને કારણે વાહનચાલકોને ઝડપથી બ્રેક મારવી પડે છે જેના કાણે વાહનચાલક ખાસ કરીને ટુવ્હીલર્સ ચાલક સંતુલન ગુમાવી બેસે તેવુ પણ બની શકે છે અથવા પાછળ આવતા વાહન સાથે ટક્કર થઈ શકે છે. કાર ચાલકોને પણ બમ્પ કાર પર ઉછળવાને કારણે અંદર બેઠેલી વ્યક્તિઓને ઈજા થઈ શકે છે.**

## ચિરવિદાય

- સ્વ. ત્રિવેદી કેતનકુમાર જગદીશચંદ્ર, ઉ.વ. ૪૫
- સ્વ. વિષ્ણુજી માનસંગજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. દિયા દિનેશ પુરોહિત, ઉ.વ.૧૨
- સ્વ. મહેશભાઈ જેસંગભાઈ ઠાકોર, ઉ.વ. ૨૫
- સ્વ. રમેશજી સિતારામ શર્મા, ઉ.વ. ૪૧